પોલીસ કમિશનરની કચેરી, શાહીબાગ, અમદાવાદ શહેર.
ફોન નં.:૦૭૯ ૨૫૬૨૦૦૫૩,
E-MAIL : lb-cp-ahd@gujarat.gov.in

ક્રમાંક:જ/૬૫૬/લાયસન્સ શાખા/૫૭૧૪/૨૦૨૩ તા.૦૫/૧૧/૨૦૨૩

**જાહેરનામું**

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩( ૧૯૭૪ના નં ૨) ની કલમ ૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની ક્મલ ૩૩(૧)(b), કલમ ૩૩(૧)(U) મુજબ**

વંચાણે લીધા:(૧) ગૃહવિભાગ - ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગરના તા. ૧૩/૧૦/૨૦૨૩ ના ક્રમાંક:વિ.૨/ ઈએસએ/૧૩૨૦૧૫/જીઓઆઇ-૧૧૨ અન્વયે;

(૨) નામ. સુપ્રિમ કોર્ટના રીટ પીટીશન નં.૭૨૮/૨૦૧૫ ના આદેશ અન્વયે ગૃહ વિભાગના તા.૦૩/૧૧/૨૦૧૮ નાં પરિપત્ર: વિ-૨/ઈએસએ/૧૩/૨૦૧૫/જીઓઆઇ-૧૧૨

નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષની રીટ પીટીશન સીવીલ નં.૭૨૮/૨૦૧૫માં તા.૨૩/૧૦/૨૦૧૮, તા.૩૦/૧૦/૨૦૧૮ અને તા.૩૧/૧૦/૨૦૧૮ ના રોજ થયેલ આદેશમાં ફટાકડા સંબંધમાં આપવામાં આવેલ સુચનાઓ અને નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પીટીશન નંબર ૭૨૮/૨૦૧૫માં તા.૨૯/૧૧/૨૦૨૧ના હુકમ દ્વારા પ્રતિબંધિત ફટાકડાના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ સંદર્ભે આપવામાં આવેલ સુચનાઓની અમલવારી કરવા હુકમ કરવામાં આવેલ. દિવાળીના તહેવાર તથા અન્ય તહેવારો નિમિતે ફટાકડાના ઉત્પાદન, વેચાણ તથા ફટાકડા ફોડવા બાબતે આપેલા દિશાનિર્દેશો ઉપરાંત દિવાળીના તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ, અકસ્માતના બનાવો ના બને અને જાહેર જનતાની સલામતી માટે અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે અમદાવાદ શહેર વિસ્તારમાં ખરીદ, વેચાણ અને ફટાકડા ફોડવા અંગે તેમજ તા.૦૯/૧૧/૨૦૨૦ના રોજ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા ફટાકડાના વેચાણ/ફોડવા/ઉપયોગ બાબતે પ્રદૂષણનું પ્રમાણ વધે નહીં તે બાબતે દિશાનિર્દેશો આપવામાં આવેલ છે, જે ધ્યાને લેતા અમદાવાદ શહેરમાં દિવાળીના તહેવારો દરમ્યાન GREEN FIRE CRACKERS નો જ ઉપયોગ કરવામાં આવે તે રીતે નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

**:: હુકમ ::**

વાસ્તે, હું જી.એસ.મલિક (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ -૧૯૭૩(૧૯૭૪ના નં. ૨) ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) (યુ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ફટાકડાના ઉત્પાદન, વેચાણ અને ફટાકડા ફોડવા અંગે નીચે મુજબની સુચનાઓનું ચુસ્ત પણે પાલન કરવાનું ફરમાવું છું અને હુકમ કરુ છું કે,

1. નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એમિશન ઉત્પન્ન કરે છે તેના ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવેલ છે. આ સિવાયના તમામ પ્રકારના ફટાકડાના ઉત્પાદન અને વેચાણ ઉપર નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

2. ભારે ઘોંઘાટવાળા ફટાકડા સ્વાસ્થય માટે ખુબ જ હાનિકારક હોવાથી તથા વધુ પ્રમાણમાં હવાનું પ્રદૂષણ અને ઘન કચરો પેદા કરતા બાંધેલા ફટાકડા (joint firecrackers, series crackers or laris) પર સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

Scanned with CamScanner

૩. ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સધારક વેપારીઓ દ્વારા જ કરવાનું રહેશે. આ વેપારીઓએ નામદાર સુપ્રિમ કોર્ટના તા.૨૩/૧૦/૨૦૧૮ ના આદેશ મુજબ માન્ય રાખવામાં આવેલ ફટાકડાઓનું જ વેચાણ કરવાનું રહેશે..

4. તમામ ઈ-કોમર્સ વેબસાઈટને ઓનલાઈન તમામ પ્રકારના ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ મુકેલ છે.

5. ફટાકડા બનાવવા માટે બેરીયમના ઉપયોગ પર સુપ્રિમ કોર્ટે પ્રતિબંધ મુકેલ છે.

6. દિવાળી તથા અન્ય તહેવારો કે જેમાં ફટાકડા ફોડવામાં આવે છે, તેમા ફટાકડા રાત્રીના ક: ૦૮/૦૦ થી રાત્રીના ક: ૧૦/૦૦ સુધી જ ફટાકડા ફોડી શકાશે. તેમજ ક્રિસમસ અને નુતન વર્ષના તહેવાર દરમિયાન ફટાકડા રાત્રે ક:૨૩/૫૫ થી ક: ૦૦/૩૦ સુધી જ ફટાકડા ફોડી શકાશે.

7. હાનિકારક ધ્વનિ પ્રદૂષણ રોકવા માટે માત્ર PESO સંસ્થા દ્વારા અધિકૃત બનાવટ વાળા અને અન્ય ધ્વનિ સ્તર (decibal level) વાળા ફટાકડા વેચી/ વાપરી શકાશે. PESO દ્વારા એવા અધિકૃત/ માન્ય ફટકડાના દરેક બોક્ષ ઉપર "PESO ની સુચના પ્રમાણેનું" માર્કિંગ હોવું જરૂરી છે.

8. હોસ્પીટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને સાયલેન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને ત્યા કોઈ પણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહી.

9. કોઇ પણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત/રાખી/વેચાણ કરી શકાશે નહીં.

10. લોકોને અગવડ ઉભી ન થાય, કોઇ પણ ભયજનક પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે અમદાવાદ શહેરના બજારો, શેરીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલ/સી.એન.જી પંપ/એલ.પી.જી. બોટલિંગ પ્લાન્ટ, એલ.પી.જી ગેસના સ્ટોરેજ, અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઇ મથકની નજીક કોઇ પણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહીં.

11. કોઇ પણ પ્રકારના સ્કાય લેન્ટન (ચાઈનિઝ તુક્કલ/ આતશબાજ બલૂન) નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહીં. તેમજ કોઇ પણ સ્થળે ઉડાળી શકાશે નહીં.

## :: પ્રતિબંધિત વિસ્તાર ::

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હુકમત હેઠળનો સમગ્ર વિસ્તાર

## :: અમલવારીનો સમય ::

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૫/૧૧/૨૦૨૩ ના કલાક:૦૦/૦૦ થી તા.૨૮/૧૧/૨૦૨૩ ના કલાક: ૨૪/૦૦ સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે.

## :: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૨ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

Scanned with CamScanner

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઇ.પી.કો. કલમ - ૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: જાહેર વિજ્ઞપ્તિ ::

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી જોઇ શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પિકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media એકાઉન્ટ્સ તેમજ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી કરાવવી. પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ.૦૫/૧૧/૨૦૨૩ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

તારીખ.૦૫/૧૧/૨૦૨૩
સ્થળ: અમદાવાદ

(જી.એસ.મલિક)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

૧.મેનેજરશ્રી સરકારી પ્રેસ અને સ્ટેશનરી વિભાગ, વડોદરા.
૨. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર.
૩. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા, પોલીસ ભવન, ગાંધીનગર.
૪. કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુભાપબ્રિજ, અમદાવાદ.
૫. અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ. (૫ નકલ )
૬. રજીસ્ટ્રારશ્રી, સિવીલ અને સેશન્સ કોર્ટ ભદ્ર, અમદાવાદ (૫ નકલ )
૭. ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટશ્રી, ઘી-કાંટા, અમદાવાદ (૨૫ નકલ )
૮. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
૯. પબ્લીક પ્રોસીક્યુટરશ્રી, સીટી સિવીલ અને મેટ્રોપોલિટનની કોર્ટ, અમદાવાદ શહેર.
૧૦. સિનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર.
૧૧. માહિતી નિયામકશ્રી, સચિવાલય, ગાંધીનગર. ( ૨ નકલ)

નકલ રવાના :

૧. સં.પો.કમિ.શ્રી, વિશેષ શાખા , સેકટર-૨, અમદાવાદ શહેર.
૨. અધિક પો.કમિ.શ્રી, ટ્રાફિક, સેક્ટર-૧, ક્રાઈમ, અમદાવાદ શહેર.
૩. નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૧ થી ૭, અમદાવાદ શહેર.
૪.તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક,અમદાવાદ શહેર.
૫. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, એ થી એન ડીવીઝન, અમદાવાદ શહેર.
૬. જન સંપર્ક અધિકારીશ્રી, કંટ્રોલ રુમ, અમદાવાદ શહેર.
૭. તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રી, તમામ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર.
/- જાણ સારુ તેમજ પો.સ્ટે વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારુ
૮. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક (વહીવટ) શાખા, અમદાવાદ શહેર (૮ નકલ )
/- ટ્રાફિક મોબાઈલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારુ

Scanned with CamScanner